ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૨ ટકા

# શહેરમાં મહાવીર જયંતિની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી

## મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ : સમસ્ત જૈન સંઘની પરિચય પુસ્તિકાનું લોકાર્પણ કરાયું







ગાંધીનગર, તા.૧૭
સમગ્ર વિશ્વને સૌ પ્રથમ શાંતિ અને અહિંસાનો સંદેશ આપનાર ૨૪મા જૈન તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિ આજે શહેરમાં શ્રધ્ધાપૂર્વક ઉજવાઈ હતી. શહેરના સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે સકલ જૈન સમાજની ઉપસ્થિતિમાં ઉજવણી સાથે પ્રભુજીની શોભાયાત્રા, ભવ્ય અંગરચના અને સંધ્યા ભકિત વગેરે સાથે બાળકોની વેશભૂષા જેવા કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે શહેરના નવનિયુકત મહિલા મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આજે પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જૈન પરિવારો જોડાયા હતા. આજે સમસ્ત સંઘની પરિચય પુસ્તિકાનું વિમોચન જયોત્સનાબેન ઝવેરીના હસ્તે કરાયું હતું જે પ્રસંગે શહેર મહાનગરપાલિકાના નવનિયુકત મહિલા મયેર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે પ્રખર પત્રકાર તથા સાહિત્યકાર દોલત ભટ્ટ, શહેરના પ્રથમ પૂર્વ કલેકટર અને જૈન મોભી સૂર્યકાન્તભાઈ મહેતા, સંઘના અગ્રણીઓ હેમેન્દ્રભાઈ શાહ, શાંતિભાઈ વોરા, વિનોદભાઈ શાહ ઉપરાંત સ્થાનિક કોર્પોરેટર્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મહાવીર જયંતિ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમોમાં બાળકોની વેશભૂષાના કાર્યક્રમે સૌનું ધ્યાનાકર્ષિત કર્યું હતું. આ ઉપરાંત ભગવાનની ભવ્ય આંગી રચના, સંધ્યાભકિત જેવા કાર્યક્રમો સાથે ઉજવણીનું સમાપન કરાયું હતું.





ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા દર વર્ષની જેમ આજે સચિવાલયમાં કામ કરતા શ્રમિકોની ચરણ સેવા કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના અરૂણ બુચ, બી.એ. શુકલ, મયુર વ્યાસ, શશીકાંત મોઢ, પ્રદિપ સોલંકી, સુધીર દેસાઈ સહિત સ્થાનિક કર્મચારીઓના સહકારથી ૨૦૦ જેટલા શ્રમિકોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સે-૩ ન્યુ ખાતે મકાનમાં આગ લાગી

ગાંધીનગર, તા.૧૭
ઉનાળાના પ્રારંભે શોર્ટ સર્કિટને પગલે આગ લાવવાના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે બપોરના સુમારે એક ઘરમાં આગ લાગતા ઘરમાં રહેલા કેટલાક સામાનને નુકશાન થવા પહોચ્યું હતું. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી તાત્કાલીક આગ પર કાબુ મેળવી લીધો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ પ્લોટ નં. ૧૨૨૨-૧ શિવશકિત મંદિર પાસે આવેલા મકાનમાં આજે બપોરના સુમારે ઘરઘંટી શરુ હતી તે દરમિયાન અચાનક શોર્ટ સર્કિટ લાગતા મકાનમાં આગ ભભુકી ઉઠી હતી.મકાનમાં આગ લાગતા જ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયરની ટીમના જવાનો તાત્કાલીક પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે આગમાં ઘરમાં રહેલા સામાનને નુકશાન થવા પામ્યું હતું. જયારે ફાયરના પ્રાથમિક તારણમાં આગ ઘરઘંટીને પગલે શોર્ટ સર્કિટથી લાગી હોવાનું અનુમાન છે. જયારે આગને પગલે આસપાસના વસાહતીઓ પણ દોડી આવ્યા હતા.

## વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે શોભાયાત્રા યોજાઈ



ગાંધીનગર, તા.૧૭
બીએપીએસ સંસ્થાના ગાંધીનગર ક્ષેત્ર-૨ દ્વારા વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે અક્ષર પુરુષોત્તમ મહારાજ અને ગુરુ પરંપરાની પટમૂર્તિ તથા વચનામૃત સાથે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ, યુવતીઓ તથા બાલિકાઓ હરખભેર જોડાયા હતા. વિવિધ સોસાયટીઓમાં કૂચ કરતી શોભાયાત્રાનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. રાંદેસણ સ્કુલ પાસે શોભાયાત્રાનું શાળના ડાયરેકટર નીતાબેન શાહ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## સિવિલની લીફટમાં પાણી ભરાઈ જવાના મુદ્દે પીઆઈયુના નિષ્ણાંતો દ્વારા ઉકેલ

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગર સિવિલના ૬૦૦ બેડના બિલ્ડીંગના ભોંયતળીયે આવેલા ઈલેકટ્રીક રૂમ અને લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા વારંવાર સર્જાતી હતી. જેને પગલે પીઆઈયુ વિભાગ પણ સતત ચિંતામાં રહેતો હતો. ત્યારે આજે પીઆઈયુ ના અધિકારીઓની નિષ્ણાંત ટીમને પાણી ક્યાંથી આવે છે તેની સમસ્યાનો હલ મળી ગયો હતો. ૬૦૦ બેડની મેઈન ગટર ચોકઅપ થતા પાણી બહાર નીકળતુ હતું જે પાણી લીફટ અને ઈલેકટ્રીક રૂમમાં ભરાતુ હતું. જેને પગલે પીઆઈયુ વિભાગના અધિકારીઓને વારંવાર પાણી નીકાળવાની નોબત આવતી હતી. પરંતુ આજે ફોલ્ટ મળી આવતા પીઆઈયુ વિભાગના અધિકારીઓએ પણ હાશકારો અનુભવ્યો હતો.જયારે ગટરની સાફ-સફાઈ કરાવતા તેમાંથી ગ્લોજ, પાટા-પીંડી, નીડલ અને એઠવાડનો કચરો મોટીમાત્રામાં જોવા મળ્યો હતો. સિવિલના સ્ટાફ દ્વારા જ કચરો ગટરમાં ઠલવાતા આ સમસ્યા સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ત્યારે અત્યાર સુધી સિવિલ તંત્ર દ્વારા પીઆઈયુ વિભાગની ખામીને પગલે પાણી લીફટમાં ભરાતુ હોવાનું કહીને વિભાગ પર માછલા ધોવામાં આવતા હતા, પંરતુ ખરી હકીકત કંઈક જુદી નીકળી છે. ત્યારે પીઆઈયુ વિભાગ દ્વારા પાણીના ફોલ્ટને શોધીને રીપેરીંગ કરી દેવાયું છે. પરંતુ આગામી કલાકો સુધી તેનું નિરીક્ષણ કરવામાં આવશે ત્યારબાદ સમારકામ પૂર્ણ કરીને સિવિલ તંત્ર દ્વારા લાઈટનો વિજપુરવઠો નિયમિત કરવામાં આવશે. જયારે સિવિલમાં ઉભરાતી ગટરોના પ્રશ્નોને પગલે સ્ટાફનેપણ જરુરી સુચના આપવામાં આવે તેમ લાગી રહ્યું છે.

## મતદાન લોકતંત્રની જીવાદોરી




લોકસભાની ચુંટણીઓ દેશભરમાં ચાલી રહી છે અને અનોખો માહોલ ખડો થયો છે પરંતુ ગાંધીનગરમાં હજુ પણ જાણે મતદાતાઓને ચુંટણીમાં રસ ના હોય તેવો નિરૂત્સાહભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ ચુંટણી પંચ દ્વારા આ સ્થિતિ જોઈ મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ શહેરની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને જાગૃત નાગરિકો પણ નાગરિકો પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરી લોકશાહીમાં પ્રાણ પુરે તેવા પ્રયાસો કરી રહ્યા છે. શહેરના જીવદયા પ્રેમી નરેન્દ્ર રાવલે તેમની કારની પાછળ જ એક બેનર લગાડી દીધું છે. જેમાં જળ બચાવવા ઉપરાંત મતદાન કરવા એમ 'એક પંથ દો કાજ' સમા સંદેશને લખ્યો છે. જે શહેરીજનોને પસંદ આવી રહ્યો છે.

## કુડાસણ પાસે દુકાન બહાર બેસીને સટ્ટો રમતા બે ઝડપાયા

શહેરને અડીને આવેલા કુડાસણ ખાતે એક કોમર્શીયલ કોમ્પલેક્ષમાં દુકાન બહાર બેસીને આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમી રહેલા ગાંધીનગર શહેરના બે યુવાનો પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. ઈન્ફોસીટી પોલીસે રીલાયન્સ ચોકડી નજીક આવેલા પ્રમુખ આર્કેડ-૧ કોમ્પ્લેક્ષમાં દરોડો પાડીને મોબાઈલ પર એપ્લીકેશન મારફતે સટ્ટો રમી રહેલા બંન્ને શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે બે મોબાઈલ તથા રોકડ મળી રૂ.૧૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સઘન પુછપરછ શરુ કરી છે.

ઈન્ફોસીટી પોલીસ મથકના પીઆઈ જે.બી.પંડિતની ટીમ રાત્રે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે રીલાયન્સ ચોકડી પાસે પ્રમુખ આર્કેડ-૧ કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલી દુકાન નં.૩૬ મહાકાલ એન્ટરપ્રાઈઝ દુકાનની બહાર બે યુવાનો પોતાના મોબાઈલમાં એપ્લીકેશન મારફતે આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યા છે. લાઈવ ક્રિકેટ પર સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પોલીસની ટીમે દરોડો પાડી બે યુવાનોને દબોચી લીધા હતા. એપ્લીકેશન પર મુંબઈ અને રોયલ ચેલેન્જર બેગ્લુરુ વચ્ચે ચાલતી મેચ પર સટ્ટો રમી રહેલા સે-૨૫ સહકાર કોલોની મકાન નં.૯૭ માં રહેતા રાજકુમાર નટવરલાલ સોલંકી અને સેકટર-૧૩ બી પારિજાત એપાર્ટમેન્ટમાં બ્લોક નં. ૧-૮ માં રહેતા કુંજેશ નિરંજન સોલંકી નામના બંન્ને શખ્સોની ધરપકડ કરી લીધી હતી. તેમની પાસેથી બે મોબાઈલ તેમજ રોકડ રૂ.૭૬૫૦ મળી કુલ રૂ. ૧૪,૧૫૨ના મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે આ મુદામાલ જપ્ત કરી બંન્ને શખ્સોની ધરપકડ કરી મુખ્ય બુકીઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

## આવતીકાલે ગિયોડ અંબાજી મંદિર ખાતે અન્નકૂટ દર્શન યોજાશે

ગાંધીનગર, તા.૧૭
શ્રી અંબાજી મંદિર ગિયોડ મુકામે તા. ૧૯-૪-૨૦૧૯ એટલે કે ચૈત્રી પુનમના રોજ ૧૧૧ રાજભોગ અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સમય સવારે ૮ કલાકથી સાંજે ૫ કલાક સુધીનો રહેશે. તો સૌ ભાવિક ભકતોને આ શુભ પ્રસંગે પધારવા અંબાજી મંદિર ગિયોડના પુજારી યોગેશભાઈ પંડયાએ આમંત્રણ પાઠવ્યું છે.

## પ્રગતિ લારી પાથરણા મંડળે કર્યું મેયરનું અભિવાદન



લાંબી કાનુની અડચણો અંતે દૂર થતા ગાંધીનગરના પદમાનિત મહિલા મેયર રીટાબેન પટેલે વિધિવત રીતે મેયર પદનો ચાર્જ સંભાળી લીધો છે. શહેરના નાના વેપારીઓ સંગઠન પ્રગતિ લારી પાથરણા મંડળ દ્વારા નવનિયુકત મેયરનું અભિવાદન કરવામાં આવ્યું હતું. અભિવાદન પ્રસંગે મંડળના પ્રમુખ તુલસીભાઈ માળી, મહામંત્રી કનુભાઈ વાલેરા ઉપરાંત રમેશભાઈ ઠકકર, જયેન્દ્રસિંહ બિહોલા તેમજ સુમન ટાવર લારી ગલ્લા એસોસિએશનના પ્રકાશભાઈ સિંધી વગેરે અગ્રણીઓ જોડાયા હતા.

## ૯૦મા જન્મોત્સવ નિમિત્તે ગાંધી પરિવાર દ્વારા ૨૧ કુંડીય મહાયજ્ઞ

ગાંધીનગર, તા.૧૭
વડીલોના આશીર્વાદ તથા પરમાત્માના આશીર્વાદથી શ્રી ઠાકોરદાસ પ્રભુદાસ ગાંધી ૯૦મા વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે. તે નિમિત્તે કુટુંબીજનો તથા સ્નેહીજન દ્વારા ૨૧ કુંડીય મહાયજ્ઞનું આયોજન કરીને ભવ્ય જન્મોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે.

તા. ૧૮મી એપ્રિલના રોજ સેકટર-૨૩ની લગ્નવાડી પાસે દેસાઈ નર્સિંગ હોમની સામે મહાયજ્ઞનું આયોજન કરેલ છે. યજ્ઞના બ્રહ્મા આચાર્ય શીતલજી, પ્રધાન આચાર્યા - આર્ષ કન્યા ગુરુકુળ, રોજડ રહેશે. આ પ્રસંગે ડૉ કમલેશકુમાર શાસ્ત્રી નિયામકશ્રી ભાષાભવન ગુજરાત યુનિવર્સિટી ઉદબોધન કરશે તથા આર્શીવચન શ્રી અવધેશપ્રસાદ પાંડેય વૈદિક પ્રવકતા આપશે.

# આવતીકાલે ૧૫૧ કિલોની કેક કાપી ડભોડીયા દાદાનો હેપ્પી બર્થ ડે ઉજવાશે

## આ સાથે ૧૧૧૧ ડબ્બા તેલનો અભિષેક કરાશે : ભવ્ય શોભાયાત્રા અને મારૂતિયજ્ઞ સાથે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭
ગાંધીનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડા ખાતે આગામી તા. ૧૯મી એપ્રિલ શુક્રવારના રોજ હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં ડભોડીયા હનુમાનજીદાદાનો ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરવામાં આવશે તથા ૧૫૧ કિલોની કેક કાપી દાદાનો 'હેપ્પી બર્થ ડે' ઉજવાશે.

ચૈત્રી સુદ પૂર્ણિમાએ રામભક્ત હનુમાનજીદાદાની જયંતિનો અવસર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ડભોડા ખાતે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન હાથ ધરાયું છે. જેમાં સવારે ૫ કલાકથી હનુમાનદાદાના મારૂતિ યજ્ઞનો પ્રારંભ કરાશે. સવારે ૮.૩૦ કલાકે ડભોડીયા દાદાને ૧૧૧૧ ડબ્બા તેલનો અભિષેક કરાશે અને ત્યારબાદ ૯.૩૦ કલાકે દાદાની બેન્ડવાજા સહિત જાજરમાન શોભાયાત્રા નીકળશે. શોભાયાત્રા બાદ પોણા બાર વાગે ધજાઆરોહણ કરાશે અને બરાબર ૧૨ના ટકોરે દાદાની મહાઆરતી ઉતારાશે. મહાઆરતી બાદ ૧૫૧ કિલોની કેક કાપી ડભોડીયાદાદાનો હેપ્પી બર્થ ડે ઉજવાશે. હનુમાન જયંતિની ઉજવણી દરમ્યાન ભાવિકો માટે સવારે ૧૦.૩૦ કલાકથી મહાપ્રસાદ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડશે.



આધાર એજ્યુકેશન ટ્રસ્ટ પેથાપુર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત અવશ્ય મતદાન માટે પેથાપુરના નગરજનોને મંગળવારે શપથ લેવડવામાં આવ્યા હતા. દરેક નગરજનો અવશ્ય મતદાન કરે તે માટે રેલીનું આયોજન કરી પેથાપુરના બજારચોક, ચન્દ્રીકામાતાના મંદિરે, પેથાપુર બસ સ્ટોપ આગળ વગેરે સ્થળોએ નગરજનોને મતદાનનું મહત્વ સમજાવી મતદાન અવશ્ય કરો તે તમારો હક્ક છે જે અંગે હાજર નગરજનોએ શપથ લીધા હતા. આ પ્રસંગે પેથાપુર એસ.ટી બસ પેસેન્જર એસોસિએશનના પ્રમુખ કે.સી.ડાભી, પેસેન્જર એસો.ના મંત્રી નટુભાઈ દરજી, દૂધ મંડળીના સભ્યો, વેપારીઓ, નગરજનો અને શારદા કોલેજના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આધાર એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી ભાવેશભાઈ ભાવસારે બધાનો આભાર માન્યો હતો. આ જન જાગૃતિ કાર્યક્રમ શ્રી આધાર એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ કેયુરભાઈ પટેલ તથા ઉપપ્રમુખ હાર્દિકભાઈ પંચાલના માર્ગદર્શન હેઠળ સફળ રહેવા પામ્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર કમુબેન આતાજી, ઉ.વ. ૯૦